DGVCLના કેસોના નિકાલ માટે કોર્ટ ઘરઆંગણે જશે

કોસાડ આવાસમાં વીજ બિલનાં બાકી લેણાંના કેસો અંગે તા.૨૭મીએ મોબાઈલ લોકઅદાલત યોજાશે

સુરતઃ સુરત જિલ્લા ન્યાયાલયની આગવી પહેલ અંતર્ગત કોસાડ આવાસ વિસ્તારમાં ૨૭ ફેબ્રુઆરીએ મોબાઈલ લોકઅદાલત યોજાઈ રહી છે, જેમાં DGVCL અને મનપા સાથેના નાની રકમના બાકી વિજ બિલ કેસોના સ્થળ પર જ નિકાલનો પ્રયાસ થશે.

આ લોકઅદાલત આગામી ૧૪ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારી નિયમિત લોકઅદાલતના પૂર્વતૈયારીના ભાગરૂપે "પ્રિ-કન્સીલિએશન" મોડલ હેઠળ આયોજિત છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ રાહુલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ યોજાનારી આ પહેલનો ઉદ્દેશ ન્યાયપ્રક્રિયાને સરળ, ઝડપી અને લોકકેન્દ્રિત બનાવવાનો છે. સુરતમાં સૌપ્રથમ મોબાઈલ લોકઅદાલત શરૂ કરવાની પહેલ જિલ્લા ન્યાયાધીશે કરી હતી.

અગાઉ યોજાયેલી પ્રિ-કન્સીલિએશન મોબાઈલ લોકઅદાલતમાં સ્થળ પર જ અનેક કેસોનો નિકાલ થતા પક્ષકારોમાં સકારાત્મક પ્રતિસાદ જોવા મળ્યો હતો. કોર્ટમાં ગેરહાજરી કે સમયના અભાવે અટવાયેલા કેસો હવે સમાધાનથી પૂરાં થવાની દિશામાં આગળ વધી રહ્યા છે. કોસાડ આવાસના રહેવાસીઓ માટે આ લોકઅદાલત વિશેષ રાહતરૂપ બની શકે છે. DGVCL સાથેના બાકી લેણાંના કેસોમાં પક્ષકારોને વ્યાજ અને પેનલ્ટીમાં છૂટછાટ મળી શકે છે, તેમજ બાકી રકમ સરળ હપ્તામાં ચૂકવવાની તક મળશે. અગાઉથી નોટીસો પાઠવી પક્ષકારોને હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મનપા પાસોદરામાં 1.99 કરોડના ખર્ચે પાર્ટી પ્લોટ બનાવશે

સુરતઃ સુરત મનપા દ્વારા સરથાણા વિસ્તારમાં આવતા પાસોદરા ખાતે એમેનિટી સ્પેસની ખાલી જગ્યામાં પાર્ટી પ્લોટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે 1.99 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં રત્નકલાકારો અને મધ્યમ વર્ગના પરિવારો વસવાટ કરે છે, જેમને સામાજિક પ્રસંગો કે લગ્ન સમારંભો માટે ખાનગી પ્લોટના લાખો રૂપિયાના ભાડા ભરવા પડતા હોય છે. મનપાના આ નવા પાર્ટી પ્લોટને કારણે સામાન્ય પરિવારોને આર્થિક રીતે મોટી રાહત મળશે અને તેમને વ્યાજબી દરે ઘર આંગણે જ શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટથી આયોજનથી પાસોદરા અને તેની આસપાસના સરથાણા ઝોનના અંદાજે 50,000 થી વધુ નાગરિકોને સીધો ફાયદો પહોંચશે.

વલસાડની સરકારી શાળાની બે વિદ્યાર્થિની 'જાપાન જશે

મગોદ ડુંગરીની વિદ્યાર્થિનીની સકુરા સાયન્સ એક્સચેન્જ પ્રોગ્રામમાં પસંદગી

વલસાડઃ વલસાડ જિલ્લાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, મગોદડુંગરીએ શિક્ષણ જગતમાં નવો ઇતિહાસ રચ્યો છે. સરકારી શાળાના વિજ્ઞાન પ્રવાહના બે તેજસ્વી વિદ્યાર્થીઓ, નિધિ અશોકભાઈ ટંડેલ અને મેરીન કિરણકુમાર ટંડેલની પ્રતિષ્ઠિત 'સકુરા સાયન્સ એક્સચેન્જ પ્રોગ્રામ' (Sakura Science Program) હેઠળ જાપાનની મુલાકાત માટે પસંદગી કરવામાં આવી છે. ભારત અને જાપાન સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાતા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એશિયાઈ દેશોના તેજસ્વી યુવા માનસોને જાપાનની અત્યાધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાન ક્ષેત્રમાં થયેલી પ્રગતિથી માહિતગાર કરવાનો છે. નોંધનીય છે કે સમગ્ર રાજ્યમાંથી માત્ર 4 વિદ્યાર્થીઓની આ કાર્યક્રમ માટે પસંદગી થઈ છે, જેમાં મગોદડુંગરી શાળાના બે વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે.

આ સિદ્ધિ બદલ વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રીબેન ટંડેલ અને શાળાના આચાર્ય તેજલબેન દ્વારા વિદ્યાર્થીઓને રૂબરૂ મળીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ઓપેરા-આગમ ગ્રુપના કેશ સોદા-બેનામી રોકાણની દિશામાં તપાસ

ડિજિટલ ડેટા સીઝઃ પેનડ્રાઈવ અને હાર્ડડિસ્ક જપ્ત કરાઈ, બેન્ક લોકર અંગે પણ પૂછપરછ

સુરતઃ સુરત, નવસારી, ધોલેરા, રાજકોટ, અમદાવાદ સહિતનાં શહેરોમાં મોટા પ્રોજેક્ટ ધરાવતા ઓપેરા ગ્રુપ તથા કરોડોના આસામી પ્રોપર્ટી બ્રોકર આગમ વાડેચા સહિતને ત્યાં ચાલતું આવકવેરા વિભાગનું સર્ચ ઓપરેશન ગુરુવારે બીજા દિવસે પણ યથાવત્ રહ્યું છે. જેમાં કેટલીક પાર્ટીના નામનું લિસ્ટ તૈયાર કરાયું છે.

સુરત આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આવકવેરા વિભાગની ડીડીઆઇ વિંગે મુખ્ય સીએ-એકાઉન્ટન્ટને તાત્કાલિક હાજર થવા ફરમાન કરતાં તેઓ હાજર થયા હોવાનું જાણવા મળ્યું છે. ડીડીઆઇના અધિકારીઓ પાસેના આર્થિક વ્યવહારોના ડેટા તથા દરોડા દરમિયાન મળેલા નામી બેનામી વ્યવહારોની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાના બેનામી ટ્રાન્ઝેક્શન, બુક એડજસ્ટમેન્ટ અને કેશ હિસાબ મળી આવ્યા છે. તેમજ કેટલાંક સ્થળે ડિજિટલ ડેટા, પેનડ્રાઈવ અને હાર્ડડિસ્ક સીલ કરવામાં આવ્યાં હોવાનું કહેવાય છે.

જો કે, આ અંગે આવકવેરા વિભાગે સત્તાવાર માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો.

ઓપેરા ગ્રુપ, ધોલેરામાં મિરિક ઈન્ફ્રાટેક, પરમ પ્રોપર્ટીના આગમ વાડેચા, પલસાણાના રાવ સહિતના સાથે સંકળાયેલા ભાગીદારો અને બ્રોકરોને ત્યાં તપાસ આજે પણ ચાલી રહી છે. આ દરોડા દરમિયાન કરોડો રૂપિયાની કરચોરી મળી આવવાની સંભાવનાને આવકવેરા વિભાગ નકારતો નથી.

કરોડોના સોદાના હિસાબી કાચા વ્યવહારો મળી આવ્યા

સુરતઃ સુરત, પલસાણા, અમદાવાદ, વડોદરા, ભાવનગર, ધોલેરા, રાજકોટ અને નવસારી મળી કુલ ૨૫થી વધુ સ્થળે આવકવેરા વિભાગની ડીડીઆઇ વિંગે બે દિવસની તપાસમાં કરોડો રૂપિયાના સોદાના હિસાબી દસ્તાવેજો મળી આવ્યા હોવાનું કહેવાય છે. આ સોદા મહદંશે પલસાણા નવસારી સહિતના હાઈવે વિસ્તારના હોવાનું મનાઈ છે. ઓપેરા ગ્રુપ, પરમ પ્રોપર્ટીના આગમ વાડેચા, પલસાણાના રાવ સહિતને ત્યાંથી શંકાસ્પદ બિનહિસાબી વ્યવહારો મળી આવતાં આવકવેરા વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા.

આગમ વાડેચાને ત્યાં સર્ચ ઓપરેશન દરમિયાન સેટિંગ ઓફર કરાતાં અધિકારીઓ ભડક્યા

સુરતમાં ૩૦૦થી વધુ પ્રોપર્ટી બ્રોકરઃ કેટલાકે આજે કરોડોની સંપત્તિ વસાવી દીધી

સુરતઃ આવકવેરા વિભાગની અડફેટે ચઢેલા પ્રોપર્ટી બ્રોકર આગમ વાડેચાને ત્યાં સાત વર્ષ પહેલાં પણ આવકવેરા વિભાગે તપાસ કરી હતી. ગુરુવારે બીજી વખત મોટાપાયે કરચોરીની શંકાએ તપાસ ચાલી રહી છે. જાણકાર સૂત્રોનાં જણાવ્યા મુજબ ટૂંકા ગાળામાં દલાલીનું કામ કરતાં આગમ વાડેચા અને એક સમયના તેમના ભાગીદાર તનેશ નામની વ્યક્તિએ બિલ્ડરો સાથે મળી જમીન-પ્રોજેક્ટ્સની દલાલી સાથે પૈસાદાર વગના લોકોના રૂપિયાનું રોકાણ કરી મસમોટી બેનંબરી આવકનું સામ્રાજ્ય ઊભું કરી દીધું હતું. એમ કહેવાય છે કે, સુરતમાં પ્રોપર્ટી બ્રોકરનું કામ કરતાં ૩૦૦થી વધુ પ્રોપર્ટી બ્રોકર છે, જેમાંથી કેટલાક પ્રોપર્ટી બ્રોકર આજે કરોડો રૂપિયાની સંપત્તિમાં આળોટે છે. આવા પ્રોપર્ટી બ્રોકરની તપાસ કરવામાં આવે તો સુરત આવકવેરા વિભાગને મોટાપાયે કરચોરી મળી શકે છે. હાલ આગમ વાડેચાને ડીડીઆઈ વિંગના સર્ચ ઓપરેશન દરમિયાન આવકવેરા અધિકારીઓ સાથે સેટિંગની વાત કરતા અધિકારીઓ ભડક્યા હતા.

યુનિવર્સલ ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે 8.25 લાખની ઠગાઈ

અમદાવાદના દલાલ-વેપારી સામે ગુનો નોંધાયો

સુરતઃ સલાબતપુરા સ્થિત યુનિવર્સલ ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે અમદાવાદના દલાલ અને વેપારીએ સાંઠગાંઠ કરી 8.25 લાખ રૂપિયાની છેતરપિંડી આચર્યાનો બનાવ સામે આવ્યો છે. અલથાણ રાજહંસ ગ્રાન્ડેઝામાં રહેતા રામપ્રકાશ સરજુપ્રસાદ જીન્દલ (ઉં.વ. 47) સલાબતપુરા સ્થિત યુનિવર્સલ ટેક્સટાઈલ માર્કેટમાં "જે.કે. ટેક્સટાઈલ" નામની ફર્મ હેઠળ કાપડનો વેપાર કરે છે. ફરિયાદ મુજબ, દલાલ અજય સિંધ (એજન્ટ અજય એજન્સી, ઠે. 349, ત્રીજો માળ, કર્ણાવતી કોમ્પલેક્ષ, પંચકુવા ફાયર બ્રિજ સામે, અમદાવાદ) અને મનોજ કુમાર રાઠોડ (માલિક નેક્સા ટ્રેડર્સ, ઠે. 01 D/35, પુસ્કર હિલ તળાવ સામે, ગુરૂવાર, ઓઢવ, અમદાવાદ)એ પણ પોતાને વિશ્વસનીય વેપારી તરીકે રજૂ કરી રામપ્રકાશ જીન્દલનો વિશ્વાસ જીત્યો હતો. ફરિયાદ અનુસાર, તા. 28/07/2023 થી તા. 05/01/2024 દરમિયાન અજય સિંધ મારફતે જે.કે. ટેક્સટાઈલમાંથી નેક્સા ટ્રેડર્સના નામે અલગ-અલગ બિલ-ચલણ દ્વારા કુલ રૂ. 14,06,749નો કાપડનો માલ મંગાવવામાં આવ્યો હતો. શરૂઆતમાં રૂ. 5,19,252ની ચૂકવણી કરી હતી. જોકે બાદમાં બાકી રહેલી રૂ. 8,25,497ની રકમ ચૂકવવામાં આવી નહોતી. આ સમગ્ર બનાવ અંગે રામપ્રકાશ જીન્દલે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરતમાં ફરી બે યુવાનના અચાનક મોત

વરાછામાં યુવક સૂતા બાદ ઊઠ્યો જ નહીં, લિંબાયતમાં શ્વાસમાં તકલીફ બાદ યુવકનું મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થવા અને હૃદય થંભી જવાના બનાવો સતત સામે આવી રહ્યા છે. તાજેતરમાં કાપોદ્રા અને લિંબાયત વિસ્તારમાં બે યુવાનના અચાનક મોતના બનાવોએ શહેરમાં ચિંતા ફેલાવી છે. બંને બનાવોમાં યુવાનોને કોઈ ગંભીર પૂર્વ લક્ષણો ન હોવા છતાં અચાનક તબિયત બગડતા જીવ ગુમાવવો પડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના વતની અને હાલ વરાછા અભયનગરમાં પોતાના બે પુત્ર સાથે રહેતા ૩૮ વર્ષીય વિજયભાઈ બુધાભાઈ ડાભી કાપોદ્રા વિસ્તારમાં સ્નેહમુદ્રા પાસે પોપડા વિસ્તારમાં વેસ્ટેજ થર્મોકોલના ગોડાઉનનો વ્યવસાય કરતા હતા. તેઓ રાત્રે ગોડાઉનમાં સૂતા હતા, પરંતુ સવારે મિત્રે ઉઠાડતા તેઓ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

બીજા બનાવમાં, લિંબાયતના મદનપુરા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા ૩૧ વર્ષીય ભુવેન્દ્ર સુધાકર વાઘને રાત્રે અચાનક શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઈ હતી. પરિવારજનો દ્વારા પહેલા ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જોકે, તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પુણાગામમાં કચરાની આગ ટેમ્પોમાં લાગી

સુરતઃ સુરતના પુણાગામ વિસ્તારમાં વહેલી સવારે આગની ઘટના બની હતી. સવારે અંદાજે 8:21 કલાકે પુણાગામ તળાવ પાસે આવેલી હરીક્રિષ્ના સોસાયટી નજીક રસ્તા પર પડેલા કચરાના ઢગલાને સળગાવાયો હતો. પવનને કારણે આ આગ જોતજોતામાં રસ્તાની બાજુમાં ઉભેલા એક ટેમ્પાને પોતાની ઝપેટમાં લઈ લીધો હતો. કચરાની આગ ટેમ્પામાં પ્રસરી જતાં ટેમ્પો ધડાધડ સળગવા લાગ્યો હતો, જેને પગલે સોસાયટીના રહીશોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

આગની ગંભીરતા જોઈને સ્થાનિકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. કંટ્રોલ રૂમમાં મેસેજ મળતા જ પુણાગામ ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતર્કતા દાખવીને પાણીનો મારો ચલાવી ટેમ્પામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો અને તેને વધુ પ્રસરતી અટકાવી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવામાં આવ્યું છે.

નવસારીના યુવાને ડાંગની મહિલાના પશુપાલન પર સંશોધન કર્યું

સુરતઃ નવસારી જિલ્લાના ગણેશ સિસોદ્રા ગામના ખેડૂત તથા પશુપાલન સાથે સંકળાયેલા યુવાન ભાવિનભાઈ અશોકભાઈ પટેલે ડાંગ જિલ્લાના આદિવાસીઓ, ખાસ કરીને મહિલાઓના સામાજિક અને આર્થિક વિકાસમાં વસુધારા ડેરીના યોગદાન વિષય પર પીએચ.ડી. પૂર્ણ કરી ગૌરવ મેળવ્યું છે. તેમણે આ સંશોધન કાર્ય વીએનએસજીયુના ગ્રામ અભ્યાસ વિભાગના અધ્યાપક ડૉ. શ્રીધર નિમાવતના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું.

તેમને યુનિવર્સિટીના ૫૮મા દીક્ષાંત સમારોહમાં પીએચ.ડી. પદવી એનાયત કરવામાં આવી હતી. આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં વસુધારા ડેરીના કારણે થયેલા આર્થિક અને સામાજિક પરિવર્તનોનો અભ્યાસ કરવાનો હતો.

જાહેર નિવિદા ૨૦૨૫-૨૬

વલસાડ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રીના ખરીદનિતીના નિયમોનુસાર - વલસાડજિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન અનુસાર આત્મા પ્રોજેક્ટ વલસાડની કચેરી અમલીકરણ હેઠળ ખેતીલક્ષી યોજનાઓ માટે રસ ધરાવતી સરકાર માન્ય સંસ્થા/એજન્સી/પેઢીઓને યોજનાકીય કામગીરી કરવા સંસ્થા/એજન્સી/પેઢીઓને સુચિબદ્ધ/ એમ.પેનલ કરવા માટે ઇ-ટેન્ડરીંગ કરવામાં આવે છે. ઓનલાઇન ઇ-ટેન્ડર www.nprocure.com વેબ સાઇટ ઉપર તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા.૧૩/૦૩/૨૦૨૬ સુધી જોવા મળશે. ટેન્ડર ઓનલાઇન ભરવાનું રહેશે અને ઓનલાઇન ટેકનીકલ બીડ તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી આર.પી.એ.ડી.થી પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા તાલીમ અને નાયબ ખેતી નિયામકશ્રીની કચેરીને રજુ કરવાનું રહેશે.

નં.માહિતી/વલસાડ/૯૨૯/૨૦૨૬

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારોહ

'ડિજિટલ ડિગ્રી'ની ચમક વચ્ચે હોલમાં કબૂતર ઊડતા હતા

એક તરફ ૮,૭૨૫ વિદ્યાર્થી માટે ગૌરવની ક્ષણ, બીજી તરફ તંત્રની બેદરકારીનું દૃશ્ય

બંને પરિસ્થિતિ વચ્ચેનો વિરોધાભાસ સમગ્ર કાર્યક્રમમાં સ્પષ્ટ દેખાયો



સુરતઃ એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને 'સ્માર્ટ યુનિવર્સિટી'ના દાવા, તો બીજી તરફ છતમાંથી ઊખડતી પ્લેટ્સ, બંધ પડેલી એસી સિસ્ટમ અને હોલમાં ફરતા કબૂતરો, આ વિસંગત દૃશ્યો વચ્ચે વીએનએસજીયુનો ૫૮મો પદવીદાન સમારોહ યોજાયો હતો. શૈક્ષણિક ગૌરવના આ અવસરે યુનિવર્સિટી તંત્રની તૈયારી અને પ્રાથમિકતાઓ પર ગંભીર સવાલો ઊભા થયા છે.

કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં ૧૨ ફેકલ્ટીના કુલ ૮,૭૨૫ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી, જેમાં ૧૪૯ પીએચ.ડી. અને ૧ એમ.ફિલ.ની પદવીઓનો પણ સમાવેશ થાય છે. મુખ્ય મહેમાન તરીકે રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ઢોલકિયા ઉપસ્થિત રહ્યા હતા. પદવીદાન દરેક વિદ્યાર્થીના જીવનની યાદગાર ક્ષણ ગણાય છે.

પરંતુ અહીં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આ દિવસ પરસેવાના સ્નાન અને અસુવિધાનો અનુભવ બની રહ્યો હતો. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા કન્વેન્શન હોલમાં એસી સિસ્ટમ સંપૂર્ણ નિષ્ફળ જતાં તંત્રએ તાત્કાલિક મોટાં કૂલર મૂક્યાં, પરંતુ ગૂંગળામણભર્યા વાતાવરણમાં તે અસફળ સાબિત થયાં હતાં. ઉપસ્થિત મહેમાનો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. હોલની સીલિંગમાંથી પ્લેટ્સ ઊખડી લટકતી હાલતમાં જોવા મળતાં સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થયો હતો. સ્ટેજ અને દર્શકમંડપમાં કબૂતરોની અવરજવર સામાન્ય બની ગઈ હતી. શૈક્ષણિક સમારોહ કરતાં દૃશ્ય વધુ 'ખંડેર'સમાન લાગતું હતું.

કબૂતરોના ઉપદ્રવથી લઈને બગડેલાં એસી અને તૂટેલી સીલિંગ સુધી સમારકામનાં ટેન્ડર સામે પણ પ્રશ્નો ઊઠ્યા

હોલના સમારકામ માટે બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં માત્ર એક જ પાર્ટીએ ટેન્ડર ભર્યું હોવાની માહિતી સામે આવી છે. આ મુદ્દે પારદર્શિતા અને સ્પર્ધાત્મક પ્રક્રિયા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. શૈક્ષણિક સંસ્થાના ગૌરવપૂર્ણ કાર્યક્રમ માટે આવું માળખાગત બેદરકારીભર્યું આયોજન કેમ થયું, તે અંગે યુનિવર્સિટી તંત્ર સામે અનેક સવાલો ઊઠી રહ્યા છે. વિદ્યાર્થીઓના ભવિષ્યનાં સપનાંને પાંખ આપતા પદવીદાન સમારોહમાં જ સુરક્ષા અને સ્વચ્છતાના મૂળભૂત માપદંડો જળવાઈ ન રહેતાં ગૌરવની ઘડી પર બેદરકારીનો પડછાયો છવાઈ ગયો હતો.

ત્રણ વખતથી હોલની આ સ્થિતિ છતાં કોઈ ઉકેલ નહીંનો આક્રોશ

ઓગસ્ટ-૨૦૨૪માં યોજાયેલા પદવીદાન સમારોહ વખતે તત્કાલીન શિક્ષણને ડિગ્રી એનાયત કરવાની હોવાથી કાર્યક્રમનું સ્થળ બદલવામાં આવ્યું હતું. આ ઘટનાને યાદ કરતાં વિદ્યાર્થીઓમાં અસંતોષ છે કે વિશિષ્ટ મહેમાન માટે વિકલ્પ ઉપલબ્ધ થઈ શકે, તો સામાન્ય વિદ્યાર્થીઓ માટે કેમ નહીં? છેલ્લા ત્રણ સમારોહથી હોલની જર્જરિત સ્થિતિ છતાં કોઈ કાયમી ઉકેલ ન લાવવામાં આવ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

"કારકિર્દી કર્મોથી ઘડાય": ગોવિંદભાઈ ઢોળકિયા

દીક્ષા પ્રવચનમાં ગોવિંદભાઈ ઢોળકિયાએ જણાવ્યું કે, પદવી પ્રાપ્ત કરવી જીવનના મુખ્ય ધ્યેય તરફનું પ્રથમ સોપાન છે. સત્ય, નિષ્ઠા અને પરિશ્રમથી જીવનમાં સાચી ઓળખ ઘડાય છે. તેમણે યુવાધનને મેળવેલી વિદ્યાનો સમાજહિતમાં ઉપયોગ કરવા અને પડકારોને તકમાં પરિવર્તિત કરવાની પ્રેરણા આપી હતી.

SBI હોમ લોન સેન્ટર-૨ શાખા, દુકાન નં. ૨૧૩-૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત-૩૯૫૦૦૯ ફોન: ૯૯૭૮૯૦૧૭૦૫ E-mail - sbi.63692@sbi.co.in

સ્થાવર મિલકતો વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટીસ

સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ્ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬)ને વાંચતા, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ સૂચના. જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(ઓ)અને જામીનદાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદાર ને ગીરવે મૂકવામાં આવી છે/ ચાર્જ કરવામાં આવી છે, જેનો પ્રત્યક્ષ કબજો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી, સિક્યોર કેડિટર્સ દ્વારા લેવામાં આવ્યો છે અને તે "જેમ છે જયાં છે", "જેમ છે જે છે અને જે કંઈ છે" ના ધોરણે તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૧૬.૦૦ દરમ્યાન વેચાણ કરવામાં આવેશે. જે દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર કેડિટર્સ) જે તે સંબંધિત કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત કરી શકાય.

ક્રમ. નં.	કરજદારનું નામ	વસુલાતની બાકી રકમ	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂા.) / ઈએમડી (રૂા.)	મિલકતો નિરીક્ષણ માટેની તારીખ અને સમય
૧.	રાજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ. સરનામુઃ ૬૧, નવનાથ સોસાયટી-૨, ચંદન ગેસ ગોડાઉન નજીક, ગોગનપોર રોડ, સિંગણપોર, સુરત-૩૯૫૦૦૪.	રૂા.૧૫,૧૮,૨૫૧/- જે તા.૧૦/૦૫/૨૦૨૪ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN200033492196. રેવન્યુ બ્લોક નં. ૧૭૮ પૈકી ૧૮૧/૧ અને ૧૮૨/૨, બ્લોક નં. ૧૫૯, જાહેરાત બાદ નવો બ્લોક નં. ૧૫૯/૧૪૪, પ્લોટ નં. ૧૪૪, સાઈ વિલા રેસીડેન્સી, ઈસનપોર પ્રાથમિક શાળા નજીક, ઓફ ઓલપાડ રોડ, ઈસનપોર, તાલુકોઃ ઓલપાડ, સુરત -૩૯૪૫૪૦. કબજોઃ પ્રત્યક્ષ.	૧૦,૬૧,૦૦૦/- / ૧,૦૬,૧૦૦/-	તા.૧૬/૦૩/૨૦૨૬ બપોરે ૧૪.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન
૨.	દેમુબેન અમરશીભાઈ સોલંકી. સરનામુઃ રામદેવ સોસાયટી, નવયુગ કોલેજ નજીક, પાલનપુર પાટિયા, સુરત-૩૯૫૦૦૯.	રૂા.૨૦,૪૨,૧૧૪/- જે તા.૩૦/૦૧/૨૦૨૪ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN200032957548. પ્લોટ નં. ૭૭, સન લેઈક રેસીડેન્સી, કુંભારવાડ સામે, સાયણ રોડ, ઓલપાડ, સુરત-૩૯૪૫૪૦. કબજોઃ પ્રત્યક્ષ.	૧૫,૯૧,૦૦૦/- / ૧,૫૯,૧૦૦/-	તા.૨૩/૦૩/૨૦૨૬ બપોરે ૧૪.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન
૩.	દેમુબેન અમરશીભાઈ સોલંકી. સરનામુઃ ૨૮, રામદેવ સોસાયટી, નવયુગ કોલેજ નજીક, પાલનપુર પાટિયા, સુરત-૩૯૫૦૦૯.	રૂા.૧૯,૯૬,૭૩૯/- જે તા.૩૦/૦૧/૨૦૨૪ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અન્ય ખર્ચાઓ અને ચાર્જીસ વિગેરે.	Property ID: SBIN200032955388. પ્લોટ નં. ૭૮, સન લેઈક રેસીડેન્સી, કુંભારવાડ સામે, સાયણ રોડ, ઓલપાડ, સુરત-૩૯૪૫૪૦. કબજોઃ પ્રત્યક્ષ.	૧૫,૯૧,૦૦૦/- / ૧,૫૯,૧૦૦/-	તા.૨૩/૦૩/૨૦૨૬ બપોરે ૧૪.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન

આ ઈ-હરાજી બેંકના માન્ય પ્રપ્ત મેસર્સ એસઆઈએસએલ ઈન્ફોટેક પ્રા.લિ. દ્વારા તેમના વેબ પોર્ટલ https://baanknet.com. પર કરવામાં આવશે, રસ ધરાવતા બોલી લગાવનારાઓએ ખાતરી કરવી પડશે કે તેઓ ઈ-હરાજી વેબસાઈટ પર નોંધણી કરાવે અને https://baanknet.com પર આપેલી માર્ગદર્શિકા અનુસાર સેવા આપનાર દ્વારા બનાવેલા વર્ચ્યુઅલ વોલેટમાં બાનાના પૈસા જમા કરાવે.
રસ ધરાવતા બોલી લગાવનારાઓ જેમને લોગિન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા બિડ દસ્તાવેજો સબમિટ કરવા, તાલીમ/પ્રદર્શન, ઓનલાઈન ઈન્ટર-રો બિડીંગના નિયમો અને શરતો વગેરે માં સહાયની જરૂર હોય, તેઓ વેબસાઈટ https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે.
વેચાણ માટે વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ કેડિટરની વેબસાઈટ https://baanknet.com નો સંદર્ભ લો. સરફેસી એકટ ના નિયમ ૮(૬) હેઠળ વૈધાનિક સુચનાઃ આ સરફેસી એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ઉપરોકત લોનના કરજદાર/જામીનદારને ઉપરોકત તારીખોના રોજ સિક્યોર્ડ મિલકતના વેચાણ માટે હરાજી થશે, તે અંગેની સુચના પણ છે.

પૂછપરછ માટે સંપર્કઃ વિમલ પ્રસાદ ચૌધરી, મુખ્ય પ્રબંધક મેન્ટેનન્સ (એચએલસી ૨-૬૩૬૯૨), મોબાઈલ નં. ૯૮૭૫૧૫૭૩૪૫, શશીકાંત સૈની, મોબાઈલ નં. ૭૦૪૩૪૪૯૧૩૧

તારીખ : ૨૫/૦૨/૨૦૨૬ સહિ/- અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર-૨, સુરત.
(ગુજરાતી અનુવાદ એ અસલ અંગ્રેજી ભાષાનું છે. કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે.)

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
માન દરવાજા શાખા : ૧લો માળ, કિષ્ણા માર્કેટ, કિન્નરી ટોકીઝ પાસે, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨ ફોન : ૦૨૬૧- ૨૩૨૫૧૪૫
E-Mail Id : surman@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાવી મિલકત માટે)[સીકયુ